\

**માન. અધ્યક્ષશ્રી,**

(1) પંચાયત વિભાગે માટે કુલ-૧૨૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તે માટે માન. પંચાયતશ્રી બચુભાઈ ખાબડ સાહેબ અને નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબનો ખુબ ખુબ આભાર માનું છે.

**માન. અધ્યક્ષશ્રી,**

(2)
- વર્ષ ૧૯૯૫ પહેલા અગાઉ સરકારે પંચાયત ઘર, નળીયાવાળા તથા પતરાવાળા હતા અને તેમા ચોમાસામાં પાણી ટપકતુ હતુ. અને પતરાવાળામાં બપોરે ગરમી લાગતી હતી. આવી હાલાત હતી પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગ્રામ પંચાયત ધાબાવાળી તથા તલાટીઓને રહેવા માટે પણ ટબ્બલમાળની ઓફિસ બનાવી આપવામાં આવેલ છે. જેથી તલાટી ગ્રામ પંચાયતમાં રહે વિકાસના કામો કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

(3)
- વર્ષ ૧૯૯૫ પહેલા ગામડાઓમાં વિજળીની પુરતી સુવિધા નતી અને રાત્રે વાળુ કરવા બેસવું હોય ત્યારે લાઈટ જતી રહેતી હતી. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાંચી શકતા ન હતા. આવી અગાઉની સરકારમાં ચાલતુ હતુ.
-

**માન. અધ્યક્ષશ્રી,**

(4)
- અમારી સરકાર આવ્યા પછી ગામડાઓમાં ૨૪ કલાક વિજળી પુરી પાડી અને અભ્યાસ માટે બાળકો ૨૪ કલાક અભ્યાસ કરી

શકે તે માટે પંખો તથા એસ.સી.ની વ્યવસ્થા કરવામાં આવી છે. તેથી વિધાર્થીઓ પુરો અભ્યાસ કરી શકે.

**માન. અધ્યક્ષશ્રી,**

(5) ➢અગાઉની સરકાર વખતે મારા મત વિસ્તાર કડીમાં કાચા રસ્તા અને ચોમાસુ પહેલા ઘર વપરાશની ખરીદી કરવી પડતી હતી. ત્યારે બસની પણ સુવિધા ન હતી. બળદગાડુ લઈને ઘર વપરાશ માટે જવું પડતુ હતુ.

**માન. અધ્યક્ષશ્રી,**

(6) ➢જ્યારે અમારી સરકાર આવ્યા પછી પાકા રસ્તા અને એક બીજાને ગામડાને જોડતા રોડ, અને કડી થી દેત્રોજ - કડી થી જોટાણા અને કડી થી સાણંદ તાલુકાને જોડતા રોડ બનાવી અને બસ તથા ૧૦૮ ની પુરતી સુવિધા કરવામાં આવેલ છે. જેથી બિમાર પડે ત્યારે તેમજ ઘર વપરાશની કોઈ પણ વસ્તુ લેવા સરળતાથી જઈ શકે.

**માન. અધ્યક્ષશ્રી,**

(7) ➢અગાઉની સરકારે મફતગાળા તે જે ગ્રામ પંચાયતમાં મળતા હતા. તે સમયે ૬ હજાર રૂપિયા મકાન સહાય મળતી હતી.અને કાચા નળીયાવાળા મકાન બનાવવામાં આવતા હતા. ત્યારે આવાક મર્યાદા ૨૪૦૦ રૂપિયા હતી. અને વચ્ચેથી કટકી થઈ જતી હતી. જેથી મકાન સહાય લાભાર્થીઓને પુરતી મળતી ના હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

8 ➢ અમારી સરકાર આવ્યા પછી ૧,૨૦,૦૦૦ હજાર અને મનરેગાના ૩૦,૦૦૦ મળી ને કુલ ૧૫૦,૦૦૦ મકાન સહાય આપી પાકા મકાન બનાવવામાં આવે છે. અને ૬ મહિનામાં મકાન પુર્ણ કરે તો વધારાના ૨૦.૦૦૦ મળે છે. જેથી કુલ ૧૭૦,૦૦૦ હજાર પુરા મળે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

9 ➢ અગાઉની સરકાર હતી ત્યારે સાંસદશ્રી દ્વારા મહિલાઓને ૧૦ કુપન આપવામાં આવતી હતી. જે કોંગ્રેસ સરકારના હોઈ તેને જ કુપનો મળતી હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

10 ➢ જ્યારે અમારી સરકાર આવ્યા પછી દરેક નાના કુટુંબોની બહેનો માટે ગેસની બોટલ ફ્રી આપવામાં આવે છે. અને ૮૦ ટકા અનાજ સહાય આપવા માં આવે છે. અગાઉની સરકાર વખતે બી.પી.એલ.ના લાભાર્થીઓને સહાય આપવામાં આવતી હતી. જ્યારે અમારી સરકાર આવ્યા પછી દરેકનાના પરીવારને અનાજ સહાય આપવામાં આવે છે.